ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન, સેકટર : ૧૦-એ, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક : મુ.ઇ.(યાં)/પમ્પીંગ મશીનરી/એમ-૨/૭૪૯/૨૦૦૭, તા.૨૮.૦૫.૨૦૦૭

વિષય : જુથ યોજનાઓ અને વ્યકિતગત યોજનાઓ ઉપર પમ્પીંગ મશીનરી રીપેરીંગની કામગીરીની મંજુરીઓ બાબત...

પ રિ પ ત્ર :

બોર્ડ દ્વારા જુથ યોજનાઓની મરામત અને નિભાવણી કરવામાં આવે છે તેમજ પીવાનાં પાણીની અછતનાં આ સમયમાં જયાં કલેકટરશ્રીઓ મારફતે વ્યકિતગત યોજનાઓમાં પણ મંજુરી આપવામાં આવે તો તેવી કામગીરીઓ પણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં કેટલાંક જીલ્લાઓમાં ધ્યાને આવ્યું છે કે, પમ્પીંગ મશીનરીઓનાં રીપેરીંગમાં ભાવો મંજુર થવામાં ખૂબ વિલંબ થાય છે જેના પરિણામે મશીનરી રીપેરીંગનાં કામો લંબાતા જાય છે. કેટલાંક કિસ્સામાં મંજુરીઓ ઝોન કક્ષાએથી અપેક્ષિત છે તેમ જણાવીને પણ વિલંબ થાય છે. અછતની પરિસ્થિતિમાં પીવાનાં પાણીની યોજનાઓ ઉપર મશીનરી રીપેરીંગ અથવા રીપ્લેસમેન્ટ (જો કરવાનું હોય તો) ઝડપભેર હાથ ધરવું જોઇએ જેથી નિયત પાણી પુરવઠો જાળવી શકાય. આ સંજોગોમાં મશીનરીનાં રોજબરોજના રીપેરીંગ તેમજ રીપ્લેસમેન્ટ પાર્ટસનાં ભાવો મંજુર થયેલા હોવા જોઇએ. દરેક વ્યકિતગત કિસ્સામાં ભાવો મંગાવવાનાં કારણે ખૂબ વિલંબ થાય અને તે ઇચ્છનીય નથી. આથી સર્વે જીલ્લા અધિકારીશ્રીઓ અને ખાસ કરીને યાંત્રિક શાખાનાં અધિકારીઓને સૂચના આપવામાં આવે છે કે, મશીનરી રીપેરીંગની કોમન આઇટમના ભાવો જાહેર નિવિદાથી મંગાવીને તેને સક્ષમ કક્ષાએથી મંજુર કરાવી રાખવા. આ ભાવોની કોઇ નિશ્ચિત સમય-મર્યાદા દા.ત. માર્ચ-૨૦૦૮ કે જુન-૨૦૦૮ સુધીના રાખી શકાય. મશીનરી રીપેરીંગની કામગીરી જયારે આવે ત્યારે આ ભાવો સક્ષમ કક્ષાએથી નિયત થયેલ એજન્સી સાથે કરારખત કરી તે પ્રમાણે કામગીરીઓ કરાવવાની રહે. આમ કરવાથી ભાવો મંજુર કરવાની પ્રક્રિયામાં થતો વિલંબ નિવારી શકાશે. જે જીલ્લામાં આ કાર્ય-પધ્ધતિ અમલમાં ન હોય ત્યાં તાત્કાલિક તે અમલમાં મુકવી અને આ અંગેનો પૂર્તતા અહેવાલ આપવો.

(રવિ સોલંકી)
મુખ્ય ઇજનેર (યાં)

નકલ રવાના પ્રતિ :

- મુખ્ય ઇજનેરશ્રી (સર્વે)
- અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)